વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે ૦૫ સંસ્થાઓને ગ્રાન્ટ સાથેની માન્યતા આપવા કુલ રૂ.૭૬.૭૨ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૩૩૨૧૮૩/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૧૦/૨૦૧૯.

વંચાણે લીધા-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૪.૦૬.૨૦૧૯નો પત્ર નં.સસુખા/અપગ/નવીબાબત/૨૦૧૯-૨૦/૨૫૬.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૮.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/અપગ/નવીબાબત/૨૦૧૯-૨૦/૩૮૬.

**આમુખ-**

વિભાગ હસ્તકની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતની કચેરી અનાથ, નિરાધાર બાળકો, વિકલાંગ (દિવ્યાંગ) બાળકો અને વ્યક્તિઓ, વૃધ્ધો માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ તેમજ રહેણાંકીય અને બિન-રહેણાંકીય સંસ્થાઓ માટે કામગીરી કરે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબત વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે ૦૫ સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ સાથેની માન્યતા આપવા બાબતે રૂ.૭૬.૭૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના પત્રથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૨) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે દ્રષ્ટિહીન બાળકો માટે- ૧, બહેરા મૂંગા બાળકો માટે- ૧, મંદબુધ્ધિના બાળકો માટે- ૧, વિકલાંગ બાળકો માટે- ૧, સી.પી. બાળકો માટે-૧ એમ કુલ ૦૫ સંસ્થાઓને ગ્રાન્ટ સાથેની માન્યતા આપવા કુલ રૂ.૭૬.૭૨ લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી સંસ્થાને નીચેની શરતોને અધીન આપવામાં આવે છે.

— 2 —

ઉપરોક્ત નવી બાબત માટેની ૦૫ સંસ્થાઓમાં નીચે મુજબનો સ્ટાફ અને દરેક સંસ્થાની ટોચ મર્યાદા ૫૦ની રહેશે.

| ક્રમ | સ્ટાફ | સંખ્યા | સંવર્ગ | કલાક આધારિત/ ૧૧ માસના કરાર / પાર્ટ ટાઇમ/ આઉટસોર્સિંગથી માસિક વેતન રૂ. | ૧૨ માસનું ચુકવવાપાત્ર વેતન રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | મદદનીશ શિક્ષકો (અંધ શાળામાં-૦૫, બહેરામુંગા-૦૫, મંદબુધ્ધિમાં ૦૭ વિકલાંગમાં-૦૨, બહુવિકલાંગતા-૦૪) (એક ક્લાકના રૂ.૨૦૦, આમ દિવસના ૫ ક્લાક અને માસિક વધુમાં વધુ ૨૦ દિવસ) | ૨૩ | ૩ | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦ X ૧૨ X ૨૩ = ૫૫,૨૦,૦૦૦/- |
| ૨ | ઉદ્યોગ શિક્ષક (એક કલાકના રૂ.૨૦૦, આમ દિવસના ૫ કલાક અને માસિક વધુમાં વધુ ૨૦ દિવસ) | ૩ | ૩ | ૨૦,૦૦૦/- | ૨૦,૦૦૦ X ૧૨ X ૩ = ૭૨૦૦૦૦/- |
| ૩ | ગૃહમાતા | ૦૫ | ૩ | ૧૫,૦૦૦/- | ૧૫૦૦૦ X ૧૨ X ૦૫ = ૯,૦૦,૦૦૦/- |
| ૪ | જુનિયર કલાર્ક | ૦૫ | ૩ | ૧૫,૦૦૦/- | ૧૫૦૦૦ X ૧૨ X ૦૫ = ૯,૦૦,૦૦૦/- |
| ૫ | વ્યાયામ શિક્ષક (એક ક્લાકના રૂ.૨૦૦, આમ દિવસના ૫ કલાક અને માસિક વધુમાં વધુ ૧૫ દિવસ) | ૧ | ૩ | ૧૫,૦૦૦/- | ૧૫૦૦૦ X ૧૨ X ૧ = ૧,૮૦,૦૦૦ /- |
| ૬ | આયા | ૦૬ | ૪ | અંદાજિત રૂા.૧૨,૦૦૦/- આઉટસોર્સ | ૧૨૦૦૦ X ૧૨ X ૦૬= ૮,૬૪,૦૦૦/- |
| ૭ | એટેન્ડન્ટ | ૧૦ | ૪ | અંદાજિત રૂા.૧૨,૦૦૦/- આઉટસોર્સ | ૧૨૦૦૦ X ૧૨ X ૧૦ = ૧૪,૪૦,૦૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | ચોકીદાર | ૦૫ | ૪ | અંદાજિત રૂા.૧૨,૦૦૦/- આઉટસોર્સ | ૧૨૦૦૦ X ૧૨ X ૦૫ = ૭,૨૦,૦૦૦/- |
| ૯ | રસોયા | ૦૫ | ૪ | અંદાજિત રૂા.૧૨,૦૦૦/- આઉટસોર્સ | ૧૨૦૦૦ X ૧૨ X ૦૫ = ૭,૨૦,૦૦૦/- |
| ૧૦ | સ્વીપર | ૦૫ | ૪ | અંદાજિત રૂા.૧૨,૦૦૦/- આઉટસોર્સ | ૧૨૦૦૦ X ૧૨ X ૦૫ = ૭,૨૦,૦૦૦/- |
| ૧૧ | પા.ટા. વિ.એમ.ઓ. (કલાકના ૪૦૦, દિવસના ૪ કલાક અને મહિનામાં વધુમાં વધુ ૮ દિવસ) | ૦૫ | | અંદાજિત રૂા. ૧૨,૮૦૦/- માસિક | ૪૦૦ X ૪ X ૦૮ × ૫ × ૧૨ = ૭,૬૮,૦૦૦/- |
| ૧૨ | પા.ટા. મનોવૈજ્ઞાનિક (કલાકના ૩૦૦, દિવસના ૪ કલાક અને મહિનામાં વધુમાં વધુ ૧૬ દિવસ) | ૦૧ | | અંદાજિત રૂા. ૧૯,૨૦૦/- માસિક | ૩૦૦ X ૦૪ X ૧૬ X ૧ = ૨,૩૦,૪૦૦/- |
| ૧૩ | પા.ટા. મનોચિકિત્સક (કલાકના ૩૦૦, દિવસના ૪ કલાક અને મહિનામાં વધુમાં વધુ ૧૬ દિવસ) | ૦૧ | | અંદાજિત રૂ. ૧૯,૨૦૦/- માસિક | ૩૦૦ X ૦૪ X ૧૬ X ૧ = ૨,૩૦,૪૦૦/- |
| | | ૭૫ | | કુલ | ૧,૩૯,૧૨,૮૦૦/- |

શરતો:-

(૧) ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબ ક્રમ ૧,૨ અને ૫ અને ૧૧ થી ૧૩ પરની જગ્યાઓ કલાક આધારિત ભરવાની રહેશે.

(૨) ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબ ક્રમ નં.૩ અને ૪ની જગ્યાઓ વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૮/૮૩૯૫૧/છ.૧ની જોગવાઈ મુજબ ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારથી ભરવાની રહેશે.

(૩) ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબ ક્રમ ૬ થી ૧૦ સુધીની જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે કચેરી વ્યવસ્થાપન અને સુવિધા સંદર્ભે વર્ગ-૪ની આઉટસોર્સિંગથી સરકારશ્રી દ્વારા માન્ય કરેલ એજન્સી મારફત ભરવાની રહેશે.

૫૦ બાળકોની સંખ્યા ધ્યાને લેતાં નિભાવ ખર્ચ રૂા.૧,૫૦૦/- માસિક લેખે ૦૫ સંસ્થા માટે ૨૫૦X ૧૫૦૦ X ૧૨ = રૂા. ૪૫,૦૦,૦૦૦/-

૧૨ માહિનાનો ૦૫ સંસ્થાઓનો અંદાજિત ખર્ચ

સ્ટાફ ખર્ચ રૂા. ૧,૩૯,૧૨,૮૦૦/-

નિભાવ ખર્ચ રૂા. ૪૫,૦૦,૦૦૦ /-

કુલ રૂા. ૧,૮૪,૧૨,૮૦૦/-

૫ મહિનાનો ૦૫ સંસ્થાઓનો માટે અંદાજિત ખર્ચ = (૧,૮૪,૧૨,૮૦૦*૫)/૧૨

= ૭૬,૭૨,૦૦૦/-

શરતો-

(૧) વિકલાંગ ધારા પ્રમાણપત્ર હેઠળ છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત હોય તેવી અંધ બાળકો માટે-૦૧, બહેરા મુંગા બાળકો-૦૧, મંદબુધ્ધિના બાળકો-૧ વિકલાંગ બાળકોની-૧ સીપી બાળકોની-૧ એમ કુલ-૦૫ સંસ્થાઓ શરૂ કરવાની રહેશે.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા જાહેરાત આપી રાજ્ય સરકારની મંજૂરી મેળવી નિયત પધ્ધતિથી સંસ્થાઓની પસંદગી કરવાની રહેશે.

(૩) સંસ્થાએ ૫૦ની ટોચ મર્યાદામાં બાળકોને/અંતેવાસીઓને રાખવાના રહેશે. પરંતુ સરકારશ્રી દ્વારા ખાસ કિસ્સામાં અંતેવાસીઓને દાખલ કરવાનો આદેશ કરવામાં આવે ત્યારે સંસ્થામાં અંતેવાસીઓની ટોચમર્યાદા કે મહત્તમ સંખ્યાને ધ્યાનમાં લીધા સિવાય ફરજીયાત પ્રવેશ આપવાનો રહેશે.

(૪) સંસ્થાને સરકાર નક્કી કરે તે મુજબ નિભાવ ગ્રાન્ટ મળશે. ગ્રાન્ટ ફાળવવાની પધ્ધતિ બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૫) બાળકોના/અંતેવાસીઓના શિક્ષણ, તાલીમ અને પુનઃ સ્થાપન માટેની તમામ ભૌતિક સુવિધાઓ, સુવિધાયુક્ત મકાન તેમજ આનુષાંગિક સુવિધાઓ સંસ્થાએ ઉભી કરવાની રહેશે અને બાળકો માટે આરોગ્યપ્રદ વાતાવરણ પૂરૂ પાડવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાન્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૯) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

— 5 —

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત ફેરફાર થતાં નીતિ નિયમો સંસ્થાને બંધનકર્તા રહેશે.

(૧૩) આ સંસ્થાઓને ગ્રાન્ટ ઈન એઈડ કોડની કોઇ શરતો-ધોરણો લાગુ પડશે નહિ.

(૧૪) આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.